Extra No. 23

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLIX] FRIDAY, MARCH 7, 2008/PHALGUNA 17, 1929

Separate paging is givrn to this Part in order that it may be filed as a Separate Compilation

PART - IX

**Gujarati translation of Bill, Acts and Notification other then these published in other Parts**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૭મી માર્ચ, ૨૦૦૮.

તારીખ : ૭મી માર્ચ, ૨૦૦૮ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

**આઈ. એ. પરમાર,**
સરકારના સંયુક્ત સચિવ.

## GUJARAT ACT NO. 2 OF 2008.

## THE GUJARAT PROFESSIONAL TECHNICAL EDUCATIONAL COLLEGES OR INSTITUTIONS (REGULATION OF ADMISSION AND FIXATION OF FEES) ACT, 2007.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સને ૨૦૦૮ના માર્ચ મહિનાની ૭મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**એચ. ડી. વ્યાસ,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

## GUJARAT ACT NO. 2 OF 2008.

## *AN ACT*

***to make special provision for regulation of admission in the professional technical educational colleges or institutions in the State and fixation of fees in such colleges or institutions and for matters connected therewith or incidental thereto.***

સન ૨૦૦૮નો ગુજરાત અધિનિયમ ક્રમાંક.૨.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૦૮ના માર્ચ મહિનાની ૭મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

**રાજ્યની વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન અને આવી કોલેજો અથવા સંસ્થાઓમાં ફી નિર્ધારણ માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઇ કરવા બાબત અધિનિયમ.**

આથી, ભારતના ગણરાજયના અઠ્ઠાવનમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, - વ્યાખ્યા.

(ક) "પ્રવેશ સમિતિ" એટલે કલમ ૪ની જોગવાઇઓ અનુસાર રચાયેલી પ્રવેશ સમિતિ;

(ખ) "સહાયિત કોલેજ અથવા સંસ્થા"એટલે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર પાસેથી નાણાકીય સહાય અથવા અનુદાન સહાય(ગ્રાન્ટ-ઇન-એઇડ) મેળવતા ટ્રસ્ટ, મંડળી અથવા વ્યક્તિઓના મંડળ અથવા સંગઠન દ્વારા ચલાવાતી અથવા તેના દ્વારા સંચાલિત યુનિવર્સિટી સહિતની વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થા;

(ગ) "સામાન્ય પ્રવેશ કસોટી" એટલે વિવિધ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુ માટે ઉમેદવારોની ગુણવત્તા નક્કી કરવા માટે યોજાતી પ્રવેશ કસોટી;

(ઘ) "ફી નિયમન સમિતિ" એટલે કલમ ૯ હેઠળ રચાયેલી ફી નિયમન સમિતિ;

(ચ) "સરકારી કોલેજ અથવા સંસ્થા" એટલે રાજ્ય સરકાર દ્વારા ચલાવાતી અથવા તેના દ્વારા સંચાલિત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થા;

(છ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(જ) "સરકારી બેઠકો" એટલે,-

(૧) સરકારી કોલેજો અથવા સંસ્થાઓ અને સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની વ્યાવસાયિક અભ્યાસક્રમોની તમામ બેઠકો; અને

(૨) બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાંની વ્યાવસાયિક અભ્યાસક્રમોની મંજૂર થયેલી કુલ બેઠકો પૈકીમાંની પંચોતેર ટકા બેઠકો;

(ઝ) "સંચાલકમંડળની બેઠકો" એટલે પંદર ટકા બિન-નિવાસી ભારતીયો માટેની બેઠકો સહિતની બિન-સહાયિત કોલેજો અથવા સંસ્થાઓની મંજૂર થયેલી વ્યાવસાયિક અભ્યાસક્રમોની કુલ બેઠકો પૈકીની પચીસ ટકા બેઠકો;

(ટ) "બિનનિવાસી ભારતીયો માટેની બેઠકો" એટલે જેને વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થામાં પ્રવેશ આપવાનો હોય તેવા બિન-નિવાસી ભારતીયોના બાળકો અથવા પાલ્યો અથવા આશ્રિતો માટે અનામત રાખેલી પંદર ટકા બેઠકો;

(ઠ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ડ) "વ્યાવસાયિક અભ્યાસક્રમો" એટલે

(૧) ઇજનેરી અને ટેક્નોલોજીના સ્નાતક અને ઇજનેરીમાં ડિપ્લોમા;

(૨) ફાર્મસીના સ્નાતક અને ફાર્મસીમાં ડિપ્લોમા;

(૩) આર્કિટેકચરના સ્નાતક અને આર્કિટેકચરમાં ડિપ્લોમા;

(૪) હોટેલ અને ટુરિઝમ મેનેજમેન્ટના સ્નાતક અને હોટેલ અને ટુરિઝમ મેનેજમેન્ટમાં ડિપ્લોમા;

(૫) માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન;

(૬) માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન; અને

(૭) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી જાહેર કરે તેવા બીજા અભ્યાસક્રમો;

(ઢ) "વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થા" એટલે કોઇપણ નામે ઓળખાતા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં શિક્ષણ આપતી, સક્ષમ વૈધાનિક સત્તામંડળે મંજૂર કરેલી અથવા માન્ય કરેલી પદવી અથવા ડિપ્લોમા એનાયત કરતી યુનિવર્સિટી સહિતની કોઇ કોલેજ અથવા સંસ્થા;

(ત) ''બિનસહાયિત કોલેજ અથવા સંસ્થા'' એટલે રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર તરફથી કોઇ નાણાકીય સહાય અથવા અનુદાન-સહાય(ગ્રાન્ટ-ઇન-એઇડ) ન મેળવતી હોય તેવી, યુનિવર્સિટી સહિતની કોઇ વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થા;

(થ)''યુનિવર્સિટી'' એટલે રાજય વિધાનમંડળે કરેલા કોઇ કાયદા હેઠળ સ્થપાયેલી યુનિવર્સિટી.

**વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ બાબત.**

૩.(૧) તત્સમયે અમલમાં હોય તેવા કોઇપણ કાયદામાં અથવા કોઇપણ કોર્ટના અથવા સત્તામંડળના ચુકાદા, હુકમનામા અથવા હુકમમાં અથવા કોઇ કરારનામામાં કોઇપણ મજકૂર હોય તેમ છતાં, વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાંના વ્યાવસાયિક અભ્યાસક્રમોમાંના તમામ પ્રવેશ આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર આપવામાં આવશે.

(૨) આ અધિનિયમની કોઇપણ જોગવાઇનુ ઉલ્લંઘન કરીને આપવામાં આવેલો પ્રવેશ અમાન્ય ગણાશે.

**પ્રવેશ સમિતિની રચના.**

૪.(૧) રાજય સરકાર, વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશના હેતુ માટે, ઠરાવવામાં આવે તેટલી સંખ્યાના સભ્યોની બનેલી એક અથવા તેથી વધુ સમિતિઓની રચના કરશે. જુદા જુદા વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે જુદી જુદી સમિતિઓની રચના કરી શકાશે.

(૨) સમિતિના સભ્યોના હોદ્દાની મુદત અને તેમની સેવાની બીજી શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) પ્રવેશ સમિતિ વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશની સમગ્ર પ્રક્રિયા પર માર્ગદર્શન આપશે, દેખરેખ અને નિયંત્રણ રાખશે.

**પ્રવેશ માટે ગુણવત્તા યાદી તૈયાર કરવા બાબત.**

૫.(૧) વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુ માટે, દરેક પ્રવેશ સમિતિએ, ઠરાવવામાં આવે તેવા માપદંડો અને એવા ગુણોત્તરના આધારે વિદ્યાર્થીઓની ગુણવત્તા યાદી તૈયાર કરવી જોઇશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ પ્રવેશ માટે વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવાના હેતુ માટે,રાજય સરકારે આ અર્થે અધિકૃત કરેલું સત્તામંડળ અથવા મંડળ ઠરાવવામાં આવે તેવી રીતે સામાન્ય પ્રવેશ કસોટીનું સંચાલન કરશે:

પરંતુ ઠરાવવામાં આવે તેવા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુણવત્તા યાદી તૈયાર કરવા માટે સામાન્ય પ્રવેશ કસોટી યોજવી જરૂરી રહેશે નહિ.

**સરકારી બેઠકો અને સંચાલક મંડળની બેઠકોમાં પ્રવેશ બાબત.**

૬. વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ નીચેની રીતે આપવામાં આવશે:-

(૧) તમામ સરકારી બેઠકો પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીના આધારે ભરવી જોઇશે; અને

(૨) સંબંધિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાના સંચાલક મંડળે ભરવાની સંચાલક મંડળની બેઠકો આવી બેઠકો, પર પ્રવેશ આપવાના વિદ્યાર્થીઓની આંતરિક ગુણવત્તા યાદીના આધારે ભરવી જોઇશે:

પરંતુ પ્રવેશ સમિતિએ [illegible] કરેલા ગુણવત્તા યાદીમાં વિદ્યાર્થીનું [illegible] હોય તે સિવાય, સંચાલક મંડળની [illegible] સામે કોઇ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે નહિ:

વધુમાં, કોઇ બિન-નિવાસી ભારતીય બેઠક ખાલી રહેતી હોય ત્યારે , આવી બેઠક સંચાલક મંડળની બેઠકોમાંથી ભરવી જોઇશે:

વળી, સંચાલક મંડળની કોઇ બેઠક ખાલી રહેતી હોય ત્યારે , આવી બેઠક સરકારી બેઠકોમાંથી ભરવી જોઇશે.

પ્રવેશ માટે લઘુતમ લાયકી ધોરણ.

૭. કોઇપણ વિદ્યાર્થી, ઠરાવવામાં આવે તેટલા લઘુતમ લાયકી ગુણ સહિત યોગ્યતાના માપદંડો પરિપૂર્ણ કરતો હોય તે સિવાય તેને વ્યાવસાયિક અભ્યાસક્રમમાં પ્રવેશ આપી શકાશે નહિ.

પ્રવેશમાં અનામત.

૮. દરેક વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થામાં દરેક અભ્યાસક્રમમાંની સરકારી બેઠકોમાં રાજય સરકારની અનામત નીતિ અનુસાર પ્રવેશ આપવામાં આવશે.

ફી નિયમન સમિતિની રચના.

૯.(૧) રાજય સરકાર, વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થામાં વિદ્યાર્થીઓના પ્રવેશ આપવા માટેની ફી નક્કી કરવાના હેતુ માટે નીચેના સભ્યોની બનેલી ફી નિયમન સમિતિની રચના કરશેઃ-

(૧) રાજય સરકારે નામ- નિયુકત કરેલા હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ, જે સમિતિના અધ્યક્ષ ગણાશે;

(૨) રાજય સરકારે નામનિયુકત કરવાના ભૂતપૂર્વ કુલપતિ;

(૩) રાજય સરકારે નામનિયુકત કરવાના કમિશનર અથવા નિયામક, ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજય, અથવા તેને સમકક્ષ હોદો ધરાવતા શિક્ષણ વિભાગના કોઇ અધિકારી, જેઓ હોદાની રુએ સમિતિના સભ્ય-સચિવ ગણાશે;

(૪) બિનસહાયિત વ્યવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતો રાજય સરકારે નામનિયુકત કરવાનો એક સભ્ય; અને

(૫) રાજય સરકારે નામનિયુક્ત કરવાના ચાર્ટડ એકાઉન્ટન્ટ.

(૨) સમિતિના સભ્યોના હોદાની મુદત અને તેમની સેવાની બીજી શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) ફી નિયમન સમિતિ તેના કામકાજના સંચાલન માટે તેની પોતાની કાર્યરીતિ અપનાવી શકશે.

ફી નિયમન સમિતિની સત્તા.

૧૦. (૧) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં અથવા કોઇપણ કોર્ટના અથવા બીજા સત્તામંડળના કોઇ ચુકાદા, હુકમનામા અથવા હુકમ અથવા કોઇપણ કરારનામામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં , ફી નિયમન સમિતિ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ફીનું માળખું નકકી કરશે. જુદાજુદા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં અને જુદીજુદી વ્યાવસાયિક કોલેજો અથવા સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ફીનું જુદુંજુદું માળખું નકકી કરી શકાશે.

(૨) ફી નિયમન સમિતિને,-

(ક) કોઇ બિનસહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાને એવી કોલેજ અથવા સંસ્થા માટેનું સૂચિત ફીનું માળખું તમામ સંબંધિત દસ્તાવેજો અને હિસાબોના ચોપડા સહિત પોતાની સમક્ષ રજૂ કરવા ફરમાવવાની;

(ખ) એવી કોલેજ અથવા સંસ્થાએ સૂચવેલી ફીના માળખાની ખરાઇ કરવાની;

(ગ) વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે એવી કોલેજ અથવા સંસ્થાના ફીના માળખાને મંજૂરી આપવાની અથવા એવી કોલેજ અથવા સંસ્થાએ ચાર્જ કરવાની ફીનું બીજું માળખું નકકી કરવાની સત્તા રહેશે.

(૩) ફી નિયમન સમિતિએ એવી રીતે નકકી કરેલું ફીનું માળખું બિનસહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓને ત્રણ વર્ષની મુદત સુધી બંધનકર્તા રહેશે. એવી રીતે નકકી કરેલી ફી, તે શૈક્ષણિક વર્ષમાં વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હોય તે વિદ્યાર્થીને લાગુ પડશે અને તે કોલેજ અથવા સંસ્થામાં તેનો વ્યાવસાયિક અભ્યાસક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને સુધારી શકાશે નહિ.

(૪) બિનસહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાને, પેટા-કલમ (૧) હેઠળ સમિતિએ નક્કી કરેલી હોય તે સિવાયની બીજી કોઇ ફી ચાર્જ કરવા અથવા વસૂલ કરવા દેવાશે નહિ અને તેને કોઇપણ શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થી પાસેથી એક સાથે એક વર્ષ કરતાં વધુ સત્ર માટેની હોય તેટલી ફી વસૂલ કરવાની પરવાનગી આપી શકાશે નહિ.

સન ૧૯૦૮નો ૫મો. (૫)(ક) ફી નિયમન સમિતિને, આ અધિનિયમ હેઠળ તપાસ કરવાના હેતુ માટે, નીચેની બાબતોના સંબંધમાં દાવો ચલાવતી વખતે, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટને નિહિત થયેલી હોય તે જ સત્તા રહેશેઃ-

(૧) કોઇ સાક્ષીને બોલાવવાની અને તેને હાજર રહેવાની ફરજ પાડવાની અને સોગંદ ઉપર તેની જુબાની લેવાની ;

(૨) કોઇપણ દસ્તાવેજ પ્રગટ કરાવવાની અને તે રજૂ કરવા ફરમાવવાની;

(૩) સોગંદનામા ઉપર પુરાવો મેળવવાની; અને

(૪) સ્થાનિક તપાસ માટે સાક્ષીઓની જુબાની લેવા માટે કમિશન કાઢવાની;

સન ૧૮૬૦નો ૪૫મો. (ખ) આવી સમિતિ સમક્ષની કોઇપણ કાર્યવાહી ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩ અને ૨૨૮ ના અર્થ મુજબ અને કલમ ૧૯૬ના હેતુઓ માટે ન્યાયિક કાર્યવાહી ગણાશે.

**૧૧.**(૧) ફી નિયમન સમિતિ, નીચેના પરિબળોને વિચારણામાં લઇને, બિન-સહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાએ ચાર્જ કરવાની એક અથવા તેના કરતાં વધુ પ્રકારની ફી નક્કી કરીને ઠરાવશેઃ- ફી નક્કી કરવા માટેના પરિબળો.

(ક) ટેકનિકલ વ્યાવસાયિક શૈક્ષણિક સંસ્થાનું સ્થળ;

(ખ) વ્યાવસાયિક અભ્યાસક્રમનો પ્રકાર;

(ગ) ઉપલબ્ધ આંતરમાળખું;

(ઘ) વહીવટ અને નિભાવ પરનું ખર્ચ;

(ચ) સંસ્થાની વૃધ્ધિ અને વિકાસ માટે જરુરી વાજબી ફાજલ ભંડોળ; અને

(છ) સમિતિ નક્કી કરે તેવા અથવા રાજય સરકાર ફરમાવે તેવા બીજા પરિબળો.

(૨) સમિતિએ નક્કી કરવાની ફીમાં નીચેનાનો સમાવેશ થશેઃ-

(૧) શિક્ષણ ફી;

(૨) ગ્રંથાલય ફી;

(૩) પ્રયોગશાળા ફી;

(૪) કમ્પ્યુટર ફી;

(૫) બાંયધરી રકમ;અને

(૬) સમિતિ નક્કી કરે તેવી અથવા રાજય સરકાર ફરમાવે તેવી બીજી ફી.

**૧૨.** બિન-સહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થા દ્વારા અથવા તેના વતી અથવા આવી કોલેજ અથવા સંસ્થાનો હવાલો ધરાવતી અથવા તેના સંચાલન માટે જવાબદાર હોય તેવી, વ્યકિત દ્વારા, કોઇ વિદ્યાર્થી પાસેથી અથવા તેના સંબંધમાં, આવી કોલેજ અથવા સંસ્થામાં તેના પ્રવેશ અથવા કોઇ વ્યાવસાયિક અભ્યાસક્રમમાં તેના ચાલુ રહેવાના બદલામાં, કોઇ માથાદીઠ ફી ચાર્જ કરી શકાશે નહિ અથવા વસૂલ કરી શકાશે નહિ. માથાદીઠ ફીના પ્રતિબંધ બાબત.

અધિનિયમની જોગવાઇઓના ઉલ્લંઘન માટેના પગલાંની બીજી રીત.

**૧૩.**(૧) પ્રવેશ સમિતિને, કોઇ ફરિયાદ મળ્યે અથવા, અન્યથા યોગ્ય તપાસ કર્યા પછી એમ ખાતરી થાય કે બિનસહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાએ આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને પ્રવેશ આપ્યો છે અથવા આ અધિનિયમની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇનો ભંગ કર્યો છે, તો તે,-

(૧) આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને જે વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો હોય તેના સ્થાને ગુણવત્તા યાદી મુજબના વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો, સંબંધિત કોલેજ અથવા સંસ્થાને આદેશ આપી શકશે;

(૨) આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને આવી રીતે પ્રવેશ આપેલ વિદ્યાર્થીને ફી રિફંડ કરવાનો સંબંધિત કોલેજ અથવા સંસ્થાને આદેશ કરી શકશે;

(૩) આવી કોલેજ અથવા સંસ્થા સામે ઉચિત પગલાં લેવા માટે, રાજ્ય સરકાર, સંબંધિત યુનિવર્સિટી અથવા વૈધાનિક સત્તામંડળને ભલામણ કરી શકશે.

(૨) નિયમન સમિતિને, કોઇ ફરિયાદ મળ્યે અથવા યોગ્ય તપાસ કર્યા પછી અન્યથા એમ ખાતરી થાય કે બિન-સહાયિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થાએ માથાદીઠ ફી અથવા કલમ ૧૦ની પેટા-કલમ (૧) હેઠળ ફી નિયમન સમિતિએ નકકી કરી હોય તેનાથી વધુ ફી વસૂલ કરી છે, તો તે,-

(૧) સમિતિએ નકકી કરેલી ફીથી આવી રીતે વસૂલ કરેલી વધુ ફી અથવા આવી રીતે વસૂલ કરેલી માથાદીઠ ફી રિફંડ કરવા સંબંધિત કોલેજ અથવા સંસ્થાને આદેશ આપી શકશે;

(૨) આવી કોલેજ અથવા સંસ્થા સામે યોગ્ય પગલાં લેવા માટે, રાજ્ય સરકારને, સંબંધિત યુનિવર્સિટીને અથવા વૈધાનિક સત્તામંડળને ભલામણ કરી શકશે.

શિક્ષા.

**૧૪.** આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે તે કરતી કોઇ વ્યકિત, દોષિત ઠર્યે, વીસ લાખ રુપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

ગુનાની ન્યાયિક નોંધ.

**૧૫.** રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, આ અર્થે અધિકૃત કરેલા કોઇ અધિકારીએ કરેલી ફરિયાદ હોય તે સિવાય, કોઇ કોર્ટ આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની નોંધ લઇ શકશે નહિ.

સમિતિના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવક ગણાશે.

**૧૬.** સમિતિના તમામ સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો ની જોગવાઇ અનુસાર કામ કરતા હોય અથવા કામ કરવાનું અભિપ્રેત હોય ત્યારે, તેઓ ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્યસેવકો ગણાશે. સન ૧૮૬૦નો ૪૫મો.

શુધ્ધબુધ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ.

**૧૭.** આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમોની જોગવાઇ અનુસાર શુધ્ધબુધ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇપણ કૃત્ય માટે સમિતિના કોઇ સભ્ય, અધિકારી અથવા કર્મચારી સામે કોઇ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા.

**૧૮.** રાજ્ય સરકાર આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા હુકમોની જોગવાઇઓ પાર પાડવાના હેતુથી, કોઇ વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજ અથવા સંસ્થા અથવા સમિતિ અથવા અધિકારીને આ સંબંધમાં પોતે યોગ્ય ગણે તેવા આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવા આદેશ વખતોવખત આપી શકશે અને વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ અથવા સમિતિ અથવા અધિકારીઓને આવા આદેશો બંધનકર્તા ગણાશે.

૧૯. આ અધિનિયમની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇપણ રાજ્ય કાયદાઓમાં તેની સાથે કંઇપણ અસંગત ન હોય તેટલે અંશે અસર ધરાવશે. બીજા રાજ્ય કાયદાઓ પર અધિનિયમની ઉપરવટ અસર.

૨૦.(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી શકય હોય તેટલું જલદી ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવે તેમાં અથવા તેની તરત પછીના સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં કોઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજ્ય વિધાનમંડળ, તેમાંથી એવી રીતે કંઇ પણ રદ કરે તે અથવા તેમાં ફેરફાર કરે તેને રાજપત્રમાં પ્રસિધ્ધ કરવું જોઇશે અને તેમ થયે તે અમલમાં આવશે.

૨૧.(૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે: મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

પરંતુ પેટા-કલમ (૧) હેઠળનો આવો કોઇપણ હુકમ, આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદત પૂરી થયા પછી કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરવામાં આવેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.